દિવ્ય ભાસ્કર, ગાંધીનગર આવૃત્તિ પાના નં.- ૦૨.
તારીખ :- ૦૭/૦૩/૨૦૨૬.

**ભાસ્કર રિયાલિટી ચેક**

## રાજ્યનું પ્રથમ ટ્રાવેલેટર શરૂ



### મેટ્રોથી રેલવે સુધી જવા રસ્તા પર ઉતરવું નહીં પડે, 400 મી.નું ટ્રાવેલેટર રેલવે સ્ટેશનમાં જ ઉતારશે

# મહાત્મા મંદિર મેટ્રો સ્ટેશનથી ટ્રાવેલેટરમાં રેલવે સ્ટેશન સુધી માત્ર 4 મિનિટમાં પહોંચી શકાશે

ચિત્રક ખત્રી | ગાંધીનગર

ગાંધીનગર રેલવે સ્ટેશનથી મહાત્મા મંદિર મેટ્રો સ્ટેશન સુધી પહોચવામાં મુસાફરોને સરળતા રહે તે માટે બનાવેલ 400 મીટરના ટ્રાવેલેટરને હવે લોકો માટે ખુલ્લું મુકવામાં આવ્યું છે. શરૂઆતી તબક્કામાં થયેલા વિલંબના પગલે ઉચ્ચકક્ષાએથી મળેલી સૂચના બાદ ઝડપ લાવી આખરે ટ્રાવેલેટર શરૂ કરી દેવાયું છે. મેટ્રો સ્ટેશનથી જ નીચે ઉતર્યા વિના ઉભા ઉભા જ રેલવે સ્ટેશન પહોંચી શકાશે. ભાસ્કરે આ સમગ્ર ટ્રાવેલેટરનું રીયાલિટી ચેક કર્યું તેમાં ટ્રાવેલેટરથી 4.10 મિનિટમાં મેટ્રો સ્ટેશનથી રેલવે સ્ટેશન પહોંચી શકાય છે. આ સિવાય એસ્કેલેટર અને કોરીડોરમાં ચાલવાનો સમય ગણીએ તો મેટ્રોમાંથી ઉતરીને રેલવે સ્ટેશનની ટિકીટ વિન્ડો સુધી પહોંચવામાં 10.03 મિનિટનો સમય લાગે છે. આ ટ્રાવેલેટર ન હોય તો મેટ્રો સ્ટેશનથી નીચે રસ્તા પર ઉતરીને ખ- રોડ થઈને રેલવે સ્ટેશન સુધીનું અંતર 1.3 કિલોમીટર જેટલું થાય છે ટ્રાફિક અવરોધીને રેલવે સ્ટેશન પહોંચવામાં અંદાજે 15થી 20 મિનિટ જેટલો સમય લાગી શકે છે.

સૌથી મહત્વની વાત એ છે કે રેલવે સ્ટેશનથી મેટ્રોમાં જવા માટે કે મેટ્રોમાં આવીને રેલવે સ્ટેશન પહોંચવા માટે કોઈ મુસાફરે નીચે રસ્તા પર ટ્રાફિક વચ્ચે આવવું નહીં પડે. વૃદ્ધ, અશક્ત અને દિવ્યાંગોને પણ બહુ સરળતાથી અવરજવર માટે આ સુવિધા ઉપયોગી થઈ પડશે.

આ પ્રકારની વ્યવસ્થા ગુજરાતના ગાંધીનગરમાં પ્રથમ વખત શરૂ કરવામાં આવી છે.

### ટ્રાવેલેટર ત્રણ ભાગમાં વહેંચાયો

ટ્રાવેલેટર ત્રણ ભાગમાં બનાવવામાં આવ્યો છે. પ્રથમ ભાગ દાંડી કુટીર સુધી લઈ જાય છે. પ્રથમ ભાગ પૂર્ણ થયા પછી થોડા પગલાં ચાલતા બીજા ભાગ સુધી પહોંચી શકાય છે. ત્યારબાદ બીજા ભાગ પર મુસાફરો આગળ વધે છે. બીજા ભાગ પૂર્ણ થયા પછી થોડા પગલાં ચાલ્યા બાદ ત્રીજો ભાગ શરૂ થાય છે. ત્રીજો ભાગ પૂર્ણ થતા મુસાફરો મહાત્મા મંદિર મેટ્રો સ્ટેશન સુધી પહોંચી જાય છે. આ રીતે ત્રણ ભાગમાં બનેલા ટ્રાવેલેટર દ્વારા મુસાફરોને રેલવે સ્ટેશનથી મેટ્રો સ્ટેશન સુધી પહોંચવાની વ્યવસ્થા કરવામાં આવી છે.